ગાંધીનગર સમાચાર
તા. ૩-૭-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સન્નારી સીએમનું નારીવાદી બજેટ

ઘણાં રાજકીય પંડિતો એવા ભ્રમમાં રાચતાં હતા કે નરેન્દ્ર મોદી ગુજરાતનું મુખ્યમંત્રીપદ છોડશે તે જ ક્ષણે પ્રદેશ નેતાગીરીમાં ભડકો થશે. શ્રીમતી આનંદીબહેન પટેલે સત્તાનાં સૂત્રો સંભાળ્યા પછી એ ધારણા સદંત્તર ખોટી પડી છે. એટલું જ નહીં, આનંદીબહેને એમની એક પોતીકિ પ્રતિભા પ્રગટાવી છે, જેનું પ્રતિબિંબ ગુજરાતના ૨૦૧૪-૧૫ના બજેટમાં સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. મહિલા મુખ્યમંત્રી તરીકે દેખીતી રીતે જ એમને બજેટમાં મહિલાઓ માટે ઘણી બધી રાહતોવાળી યોજનાઓ રજૂ કરી છે. મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાને અંગ્રેજીમાં લખીએ તો મુખ્યમંત્રીનો 'એમ' અને અમૃતમ્નો 'એ' મળી 'મા' શબ્દ બને છે. આનંદીબહેનમાં ધબકતી માતાએ વાર્ષિક રૂા. ૧.૨૦ લાખની આવકવાળા પરિવારની બહેનોને અને એકવીસ વર્ષથી નીચેનાં સંતાનોને રૂા. ૨,૦૦, ૦૦૦ સુધીની મફત સારવાર યોજના મુકી છે. મહિલા પશુપાલન પ્રોત્સાહન યોજના અન્વયે મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ૫૦ ટકા સહાય સૂચવાઇ છે. આનંદીબહેન પોતે ખેડૂત પરિવારનું ફરજંદ છે એટલે ખેતીના વ્યવસાય સાથે પશુપાલનના પૂરક વ્યવસાયનું મહત્ત્વ સમજી શકે છે. મહિલાઓ હવે ઉચ્ચાભિલાષી બની છે. પોલીસખાતામાં ૩૩ ટકા મહિલા અનામતની તરફેણ કરતાં મુખ્યમંત્રીશ્રીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તેઓ પુરૂષો સામે ટકી શકે એ માટે સરકારે વિશેષ કાળજી લઇ દલિત - આદિવાસી - બક્ષીપંચની જ્ઞાતિઓની બહેનો માટે આર્થિક સહાયની યોજના સૂચવી છે. નાણાંમંત્રી સૌરભ પટેલે રજૂ કરેલ બજેટ પર આનંદીબહેનની સ્પષ્ટ મુદ્રા દેખાઇ આવે છે. કદાચ આ જ બજેટ નરેન્દ્ર મોદીની સરકાર હેઠળ રજૂ કરાતું હોય તો એમાં ગ્રામીણ કૃષિક્ષેત્ર અને મહિલા સશક્તીકરણની આટલી મોટી જોગવાઇઓ કરતાં ઉદ્યોગલક્ષી રાહતો વધુ જોવા મળી હોત. આ બજેટ માટે વપરાયેલ 'જેન્ડર બજેટ' એ એની મર્યાદા નથી પરંતુ વિશેષતા છે. ગુજરાતની આવતીકાલ મહિલાઓ અને યુવાનોના હાથમાં છે. બજેટમાં મહિલાઓનાં આર્થિક અને સામાજિક સશક્તીકરણ તથા યુવાનોને રોજગારી ઉપલબ્ધ કરાવવા જેવી બાબતો પર વિશેષ ભાર મુકાયો છે. કન્યાઓ તથા મહિલાઓ માટે તમામ વિભાગોને આવરી લઇ ૮૭ જેટલી વિવિધ જોગવાઇઓ અને યોજનાઓ રજૂ કરવામાં આવી છે. ધારાસભ્યોની ગ્રાન્ટ ૫૦ લાખથી વધારાઇને ૧ કરોડ કરવામાં આવી છે. અમદાવાદની મેટ્રો રેલ્વે યોજના માટે અપેક્ષા મુજબ ઓછી રકમ ફાળવાઇ છે. જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માટે ૫૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવાઇ છે. આનંદીબહેનના શાસનકાળમાં સરદાર પટેલની ગગનચુંબી પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા થશે, તે પણ શું સૂચક નથી? ખેડૂતની દીકરી તરીકે આનંદીબહેન માટે સરદાર પટેલ એક રોલ મોડલ છે. કોંગ્રેસના આ ધુરંધર રાષ્ટ્રીય નેતાના નામ પર જ કોંગ્રેસને ધૂળ ચાટતી કરવામાં ભાજપને ધારી સફળતા સાંપડી છે, તે કોણ નથી જાણતું? પહેલું જ બજેટ હોઇ આનંદીબહેનની સરકારે નાગરિકો પર કોઇ મોટો અને સીધો ટેક્સનો બોજ નાખવાનું ટાળ્યું છે. આ બજેટની જોગવાઇઓ જોતાં ખાનગી બસો/વાહનોની મુસાફરી થોડી મોંઘી બનશે પરંતુ સામાન્ય નાગરિકો માટે એસ.ટી. મુસાફરી સસ્તી બનશે, જેથી લોકો સરકાર સામાન્ય માણસોની ચિંતા કરતી હોવાનું સ્વીકારશે. વેપારીઓને ફાયદો થાય એવી દરખાસ્તો ધરાવતું આ બજેટ એકંદરે મહિલા મુખ્યમંત્રીના પદગ્રહણ પછીનું એમની આગવી મુદ્રા ધરાવતું બજેટ છે. વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આ બજેટથી મોંઘવારી ઘટશે નહિં, એવો નિરાશાજનક સૂર કાઢે છે. પરંતુ પોતાની મર્યાદામાં રહી વિકાચકૂચ ચાલુ રાખી આમ જનતાને - વિશેષપણે મહિલાઓ, યુવાનો અને ખેડૂતોને વધુમાં વધુ રાહત પહોંચાડવાની મંશા ધરાવતાં મુખ્યમંત્રીએ વિવાદમાં ન પડવું પડે એવું 'નોર્મલ' બજેટ રજૂ કરવા કોશિષ કરી છે.

## ગાંધીનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસના એજન્ડા માટે બેઠક

ગાંધીનગર, તા. ૨

ગતિશીલ ગુજરાતનાં લક્ષ્ય ૧૦૦ દિવસનાં મહત્વાકાંક્ષી કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાને ફાળવવામાં આવેલ વિવિધ યોજનાઓના લક્ષ્યાંકને સિધ્ધ કરવાના આવે તે વાત પર ભાર મુક્યો હતો. લક્ષ્ય ૧૦૦ દિવસ અંતર્ગત ગાંધીનગર તાલુકમાં ૭૫૦, કલોલ તાલુકામાં ૭૫૦, માણસા તાલુકામાં ૧૦૦૦ અને દહેગામ તાલુકામાં ૧૦૦૦ મળી કુલ ૩૫૦૦ વ્યક્તિગત



સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને કલસ્ટર અધિકારીશ્રીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં ઘરે ઘરે શૌચાલય બનાવવાનો લક્ષ્યાંક સિધ્ધ કરવાનો છે. દરેક ગ્રામ પંચાયતના સભ્યો અને સરપંચશ્રીના ઘરે અવશ્ય શૌચાલય હોય તેવો આગ્રહ રાખવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. મહિલાઓ અને બાળકોમાં શૌચાલય અંગેની જાગૃતિ શૌચાલય ઝડપભેર પૂર્ણ કરવા ભાર પૂર્વક જણાવ્યું હતું.

આંગણવાડીના અતિકુપોષિત અને ઓછા વજનના ( રેડ ) બાળકોને બાળ સેવા કેન્દ્ર (સી.એમ.ટી.સી) ખાતે ૨૧ દિવસ સુધી બાળકોને માતા સાથે રાખવામાં આવે છે. આ કેન્દ્રની વિશેષતા વિશેની માહિતી કલેકટરશ્રીએ આપી હતી. તેમણે તમામ તાલુકામાં કાર્યરત સી.એમ.ટી.સી ખાતે જુલાઇમાં ૧૦ અને ઓગષ્ટમાં ૧૦ અતિ ઓછા વજન વાળા બાળકોને પોષણલક્ષી સારંવાર હેઠળ મોકલવાનો લક્ષ્યાંક આપ્યો હતો.

# જુલાઈના અંત સુધીમાં ડિગ્રી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

### ઈજનેરીના પ્રવેશમાં વિલંબ સર્જાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે : ઓગસ્ટથી નવા સત્રનો પ્રારંભ થઈ જશે

અમદાવાદ, તા.૦૨

ડિગ્રી ઈજનેરીમાં રાજ્ય સરકારની પર્સન્ટાઈલ પદ્ધતિને ગુજરાત હાઈકોર્ટે યોગ્ય ઠેરવી છે તેમ છતાં આ મામલે નિર્ણય બદલવાની જગ્યાએ રાજ્ય સરકારે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જેના પગલે ઈજનેરીના પ્રવેશમાં વિલંબ સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસના મેમ્બર સેક્રેટરીએ દાવો કર્યો છે કે જુલાઈના અંત સુધી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે અને ઓગસ્ટ-૨૦૧૪થી નવા સત્રનો પ્રારંભ કરી દેવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા પર્સન્ટાઈલ પદ્ધતિથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ આવ્યા બાદ આ વર્ષે પણ આ પદ્ધતિ મુજબ પ્રવેશ આપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જો કે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આ પદ્ધતિને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી જેમાં હાઈકોર્ટે આ પર્સન્ટાઈલ પદ્ધતિને અયોગ્ય ઠેરવી હતી. જો કે ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાને માનવાની જગ્યાએ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેના કારણે ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશની પ્રક્રિયામાં વિલંબ થાય તેવી આશંકા ઉત્પન્ન થતા વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયા છે ત્યારે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસે ખાત્રી આપી છે કે ડિગ્રી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા નિર્ધારીત સમય મર્યાદામાં એટલે કે જુલાઈના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ અંગે એસીપીસીના મેમ્બર સેક્રેટરી એમબી ધોળકીયાએ જણાવ્યું હતું કે એસીપીસી પાસે વિદ્યાર્થીઓના ડેટા તૈયાર છે. સુપ્રીમ કોર્ટે જે મુજબનો આદેશ આપે તે રીતે મેરીટ લીસ્ટ તૈયાર કરવા માટે એસપીસીને બે દિવસથી પણ ઓછો સમય લાગશે. એટલે કઈ પદ્ધતિથી પ્રવેશ આપવો તે અંગે ચુકાદો જાહેર કર્યાના બે દિવસમાં મેરીટ લીસ્ટ બહાર પાડવામાં આવશે. અને નિર્ધારીત સમય મર્યાદામાં ડિગ્રી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. અને ઓગસ્ટ-૨૦૧૪થી નવા સત્રનો પ્રારંભ કરી દેવામાં આવશે.

## સાબરમતી વણકર યુવા સંઘ સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનશે

શ્રી વણકર યુવા સંઘ સાબરમતી અમદાવાદ દ્વારા ગાંધીનગર અને અમદાવાદના વણકર સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ જેમણે ઉચ્ચ ટકાવારી પ્રાપ્ત કરી છે. તેમણે પોતાનું પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. અમદાવાદ સરસપુરમાં આવેલ ડૉ. બાબાસાહેબ મેમોરિયલ હોલમાં તા. ૩ ઓગષ્ટના રોજ બપોરે ૩.૦૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવશે. ત્યારે વણકર સમાજના વિદ્યાર્થીઓ જેમણે ધોરણ-૧૦માં ૮૫, પર્સન્ટાઈલ, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૫, સામાન્ય પ્રવાહમાં ૮૦, રેન્ક મેળવ્યો છે. તેમજ સ્નાતક, ઈજનેરી, વર્ગ-૧-૨, પીએચ.ડી. પાસ કરી છે તેમનું સન્માન કરવામાં આવશે. શહેરમાં વસતા તેજસ્વી વિદ્યાર્થીઓએ કિશોરભાઈ પરમાર-૯૮૨૪૧ ૬૯૯૩૬, મુકેશકુમાર-૯૯૨૪૧-૨૫૨૬૦, જગદીશ સુતરિયા-૯૯૯૮૭૧૯૪૫૬ પર સંપર્ક કરવો.

## માણેકબા પી.ટી.સી. કોલેજ બીજા વર્ષે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યુ

### કોલેજની ચાર વિદ્યાર્થીની એકથી દસમાં આવી

ગાંધીનગર, તા. ૨

પાટનગરની પાસે આવેલ અડાલજની શ્રીમતી માણેકબા પીટીસી કોલેજનું બીજા વર્ષનું ૧૦૦ ટકા પરિણામ આવ્યુ છે. કોલેજની વિદ્યાર્થનીઓ સમગ્ર રાજ્યમાં કોલેજનું નામ ગુંજતુ કર્યુ છે. જિલ્લાના ટોપટેનમાં શ્રેષ્ઠ પરિણામ મેળવવામાં હેટ્રીક મારી છે.



ગાંધીનગર તાલુકાના અડાલજમાં આવેલ શ્રીમતી માણેકબા પીટીસી કોલેજે બીજા વર્ષમાં શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. બીજા વર્ષમાં ૭૪ તાલીમાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ૭૪ માંથી ૭૧ તાલીમાર્થી બહેનો ડીસ્ટિક્શન સાથે પાસ થઈ છે.

કોલેજની તાલીમાર્થી કિંજલ ફતેસિંહ ડાભીએ ૯૦.૨૦ ટકા ગુણ મેળવી રાજ્યમાં ત્રીજા સ્થાને ઉત્તીર્ણ થઈ છે. દિના દલપતભાઈ પટેલે ૮૯.૩૦ ટકા ગુણ મેળવી રાજ્યમાં સાતમુ તેમજ ફિઝા ભરતસિંહ બારીઆ અને મિત્તલ કમલેશભાઈ પટેલે ૮૯ ટકા ગુણ મેળવી બોર્ડમાં દસમુ સ્થાન મેળવ્યુ છે.

માણેકબા પીટસી કોલેજ અડાલજની વિદ્યાર્થીનીઓએ આ વર્ષે જવલંત સફળતા મેળવતા કોલેજનો સફળતામાં હેટ્રીક અપાવી છે. સંસ્થાની પ્રથમ વર્ષની તાલીમાર્થી બહેનોએ પણ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરતા સંસ્થાને ગૌરવ અપાવ્યુ છે. કોલેજની વિદ્યાર્થીનીઓએ સમગ્ર રાજ્યમાં નામ ગુંજતુ કરવા બદલ આચાર્યા સુરેખાબેન ચૌધરી અને સંચાલક મંડળને અભિનંદન પાઠવ્યા છે.

# યુનિવર્સિટી રજિસ્ટ્રાર બળદેવ પટેલનું ફરી એકવાર રાજીનામું

### રાજીનામુ મોડી સાંજ સુધી કુલપતિ દ્વારા સ્વીકારાયું નહીં

અમદાવાદ, તા.૦૨

ગુજરાત યુનિવર્સિટીમાં બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પ્રવેશને લઈ સર્જાયેલ વિવાદ બાદ કાર્યકારી રજીસ્ટાર બળદેવ પટેલે રાજીનામુ આપી દીધું છે. જો કે તેમનું રાજીનામુ મોડી સાંજ સુધી કુલપતિ દ્વારા સ્વીકારવામાં આવ્યું ન હતું.

મળતી માહિતી મુજબ રાજકીય દબાણના કારણે બળદેવ પટેલે રાજીનામુ આપ્યું હોવાની શક્યતા છે. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ બોયઝ હોસ્ટેલમાં વેકેશન દરમિયાન કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવતો નથી. તેમ છતાં ચાલુ વર્ષે ઉનાળાના વેકેશન દરમિયાન કેટલાક તત્વો હોસ્ટેલના રૂમોના લોક તોડીને ગેરકાયેદસર રીતે હોસ્ટેલમાં વસવાટ કરતા હતા. આ અંગે વિદ્યાર્થી સંગઠનો દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટારને પુરાવા સાથે રજુઆત કરવામાં આવી હતી. જો કે તેમ છતાં યુનિવર્સિટી તંત્ર દ્વારા આ મામલે કોઈ પગલા ન લેવાતા આજે વિદ્યાર્થી સંગઠન કાર્યકર્તાઓ યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચ્યા હતા જ્યાં તેમને આ મામલે યુનિવર્સિટીના રજીસ્ટાર પાસે ખુલાસો માંગ્યો હતો. ઘટના બાદ યુનિવર્સિટીના કાર્યકારી રજીસ્ટાર બળદેવ પટેલે પોતાના પદેથી રાજીનામુ યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલને મોકલી આપ્યું હતું.

જો કે મોડી સાંજે સુધી કુલપતિએ રજીસ્ટારના રાજીનામાનો સ્વીકાર કર્યો ન હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં યોજાયેલ યુનિવર્સિટીની ચૂંટણીની મતગણતરી બાદ મતપેટીના સીલ મામલે થયેલ વિવાદના પગલે યુનિવર્સિટીના કાર્યકારી રજીસ્ટાર બળદેવ પટેલે રાજીનામુ ધરી દીધું હતું. જો કે યુનિવર્સિટીઓના ઉચ્ચ અધિકારીઓની સમજાવટ બાદ આખરે બળદેવ પટેલે પોતાનું રાજીનામુ પરત ખેચ્યું હતું તે સમયે પણ બળદેવ પટેલે પોતાના રાજીનામા પાછળ વારંવાર થતા રાજકીય દબાણને જવાબદાર ગણાવ્યું હતું ત્યારે આ વખતે પણ રાજીનામા પાછળ રાજકીય દબાણને જવાબદાર ગણવામાં આવી રહ્યું છે.

## ચાર્તુમાસમાં લીમડી સંપ્રદાયના મહારાજના શિષ્ય પધાર્યા

શ્રી લીમડી ગોપાલ સંપ્રદાયના શાસન રત્ન રામ ઉત્તમકુમાર મહારાજ સાહેબના શિષ્યો પૂજયશ્રી દીપમુની અને યુવા સ્વાધ્યાય પ્રેમી પૂજયશ્રી દિવ્યકુમાર મહારાજ ચાર્તુમાસ માટે પધારેલ છે. પૂજ્ય ગુરુદેવનો ઉપાશ્રય પ્રવેશ તા. ૪ જુલાઈ શુક્રવાર સવારે ૮-૦૦ કલાકે સ્થાનકવાસી જૈન સંઘ સેકટર-૬માં ઉપસ્થિત રહેશે.

## પાટનગરમાં પરચુરણની તંગી : નાગરિક પરિષદ

શહેરમાં પરચુરણના અભાવે વેપારીઓ દ્વારા આપવામાં આવતી હસ્ત લિખિત રૂપિયાની ચિઠ્ઠીઓ માટે શહેર જાગૃત નાગરિક પરિષદે ચિંતા વ્યક્ત કરી છે. નાગરિક પરિષદના સભ્યોના જણાવ્યા મુજબ શહેરમાં પરચુરણના અભાવે આર.બી.આઈ.નું નહિ પરંતુ વેપારીઓ દ્વારા બનાવવામાં આવતુ ચલણ જોવા મળે છે. વેપારીઓ દ્વારા છુટ્ટાના અભાવે આવુ ચલણ કે ગોળી બિસ્કીટનું પેકેટ પકડાવવામાં આવે છે. ત્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ આ સમસ્યાને ગંભીર ગણી શહેરમાં પરચુરણ માટે મોબાઈલ વાન શરૂ કરવી જોઈએ.

# ડિપ્લોમા ઈન ઈમરજન્સી કેર કોર્સથી રોજગારની તક

### ૧૦૮ ઈએમઆરઆઈ દ્વારા ઈમરજન્સી કેરમાં બે વર્ષનો ડિપ્લોમા કોર્સ શરૂ થશે : યુવક-યુવતીઓ માટે સારી તકો

અમદાવાદ, તા.૦૨

ગુજરાતમાં સાત વર્ષથી ઈમરજન્સી સેવા પુરી પાડતી જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ દ્વારા ઈમરજન્સી ક્ષેત્રે વધુ સારી સેવાઓ મળી રહે અને તેને પ્રોત્સાહન મળે તે માટે બે વર્ષનો એડવાન્સ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન ઈમરજન્સી કેસ શરૂ કરવામાં આવ્યો છે. સ્ટેનફોર્ડ સ્કુલ ઓફ મેડિસિન યુએસએની સાથે મળીને સંયુક્ત રીતે જીવીકે ઈએમઆરઈ ૧૦૮ દ્વારા શરૂ કરાયેલા આ કોર્સ દ્વારા છોકરાઓ અને છોકરીઓને શિક્ષણની સાથે ઈમરજન્સી સેવાના ક્ષેત્રમાં વધુ રોજગારી મળી રહેશે.

જીવીકે ઈએમઆરઆઈ દ્વારા બે વર્ષનો ઈમરજન્સી ક્ષેત્રે બે વર્ષનો એડવાન્સ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લમો ઈન ઈમરજન્સી કેર શરૂ કર્યો છે. આ કોર્સ દ્વારા છોકરા-છોકરીઓ શિક્ષણની સાથે ઈમરજન્સી સેવાના ક્ષેત્રમાં વધુ રોજગાર મળવાની તક રહેશે. આ કોર્સનો ઉદેશ્ય વિદ્યાર્થીઓને ઈમરજન્સીમાં દર્દી પ્રત્યે પ્રભાવી અને કુશળતાપૂર્વક કૌશલ્ય શીખવા ઉપરાંત જ્ઞાન અને પ્રવૃત્તિના અધ્યનને પ્રોત્સાહન કરી સંતુલન બનાવવાનું કાર્ય છે. આધુનિક શિક્ષણની પદ્ધતિ જેવી એકેડમીની સાથે અનુકરણ અને અભ્યાસના પ્રશિક્ષણનો આધાર છે અને પ્રશિક્ષણ કાર્યક્રમના પ્રત્યેક પ્રતિભાગીઓને અદભૂત અનુભવ સાથે શિક્ષણનું પ્રદાન પ્રાપ્ત થશે. જીવીકે ઈએમઆરઆઈ વિશ્વની સર્વશ્રેષ્ઠ સંસ્થાની ભાગીદારીથી શિક્ષા અને પ્રશિક્ષના વિશ્વસ્તરીય શિક્ષણ પ્રદાન કરવાના હેતુ સાથે આ પ્રયાસ હાથ ધર્યો છે તેમ ૧૦૮ ઈમરજન્સી સેવાના ચીફ ઓપરેટીંગ ઓફિસરે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૧૦૮ ઈમરજન્સી સેવા છેલ્લા સાત વર્ષથી ગુજરાતમાં કાર્યરત છે. અને તે દેશમાં સૌથી વધુ ગુજરાતમાં સફળ હોવાનું માનવામાં આવે છે અત્યાર સુધી ૧૦૮ સેવામાં કાર્યકારી ડોકટર તરીકે બીએસસી પાસ યુવકોને તાલીમ આપી રાખવામાં આવતા હતા આ યુવકો ઘટના સ્થળે વ્યક્તિને પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ સુદી પહોંચાડવાનું કામ કરે છે.

## શિક્ષક શરાફી મંડળીમાં બે ડિરેકટર બિન હરીફ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ સંચાલિત તાલુકા શિક્ષક શરાફી મંડળી ગાંધીનગરમાં બે સભ્યોની વરણી કરવામાં આવી છે. જેમાં શ્રી વરદાયિની હાઈસ્કુલ રૂપાલના સુરેશ સુથાર અને ડભોડા શ્રી એમ.એચ. વિદ્યામંદિરના શિક્ષક હરેશભાઈ ખાચરની બિનહરીફ વરણી કરવામાં આવી છે. રૂપાલ અને ડભોડા શાળાના શિક્ષકોની વરણી થતા શિક્ષકો, ટ્રસ્ટીમંડળ અને શાળા મહામંડળે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.



## હરિની દૃષ્ટિ...




તમે સમજતા કેમ નથી..? ડુંગળીનો નિકાસ કરીએ છીએ, પેટ્રોલની આયાત થાય છે તેથી અહીં ભાવ તો વધે જ ને...!!



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

→ વર્ષ ૨૦૧૪માં ભારતના કયાં શહેરમાં મેટ્રો રેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
જ. **મુંબઇ**
→ તાજેતરમાં જાહેર થયેલી આઇસીસીની નવી જાહેર થયેલી વનડે ક્રિકેટ રેટીંગમાં ભારતનું સ્થાન કેટલાનું છે?
જ. **ત્રીજું**
→ વર્ષ ૨૦૧૪માં આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકે કોની વરણી કરવામાં આવી છે?
જ. **ચંદ્રબાબુ નાયડુ**
→ વર્ષ ૨૦૧૪માં વિશ્વના કયા દેશની સંસદમાં સંસદ સભ્યો (MP)ને પાછા બોલાવવા (રીકોલ) વિધયક પસાર કરવામાં આવ્યું છે?
જ. **બ્રિટન**
→ ભારતમાં ૧૬મી લોકસભાના બીજા મહિલા સ્પીકર કોણ છે?
જ. **સુમિત્રા મહાજન**
→ હાલ ભારતમાં કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રી કોણ છે?
જ. **નીતિન ગડકરી**
→ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રશાંતિ સેનાની વિશિષ્ટ સમિતિમાં કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી છે?
જ. **અભિજીત ગુહા**
→ વર્ષ ૨૦૧૪માં રશિયાએ વિશ્વના કયા દેશ પરનો હથિયાર પ્રતિબંધ હટાવી લીધો છે?
જ. **પાકિસ્તાન**
→ વર્ષ ૨૦૧૪માં ઉજવવામાં આવેલ વિશ્વ પર્યાવરણ દિવસનો મુખ્ય વિષય કયો હતો?
જ. **નાના ટાપુઓ અને વાતાવરણમાં પરિવર્તન**
→ વર્ષ ૨૦૧૪માં મિશ્ર દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
જ. **અબ્દેલ ફતહ અલસીસી**
→ વર્ષ ૨૦૧૪માં પ્રકાશિત થયેલ 'ગ્રીન પોએમ્સ' પુસ્તકના લેખક કોણ છે?
જ. **ગુલજાર**
→ વર્ષ ૨૦૧૪માં અવકાશ ક્ષેત્રે સંસોધન દરમિયાન વૈજ્ઞાનિકને મળેલ પૃથ્વી કરતા ૧૭ ગણો મોટા ગ્રહનું નામ શું છે?
જ. **કેપ્લર-૧૦સી**
→ વર્ષ ૨૦૧૪માં અલ સાલ્વાડોર દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
જ. **સાલ્વાડોર સાંચેજ સેરેન**
→ વર્ષ ૨૦૧૪ મે માસમાં અફઘાનિસ્તાનમાં કયા મદદનીશ અધિકારીને બંધક બનાવવામાં આવ્યા હતા?
જ. **એલેક્કિસ પ્રેમ કુમાર**
→ વર્ષ ૨૦૧૪ જૂન માસમાં જાહેર થયેલી ICC ની શ્રેષ્ઠ બલ્લેબાજની યાદીમાં પ્રથમ ક્રમે કયા ખેલાડીને સ્થાન આપવામાં આવ્યું છે?
જ. **વિરાટ કોહલી**
→ વર્ષ ૨૦૧૪ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની સંચાલન સમિતિમાં કયા ભારતીયની નિમણૂક કરવામાં આવી છે?
જ. **વાઇ. કે. મોદી**
→ વર્ષ ૨૦૧૪માં 'વિશ્વ અભિભાવક' દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
જ. **૧ જૂન**
→ હાલ ચર્ચાસ્પદ રહેલ 'બશર અલ અસદ' વિશ્વના કયા દેશનાં રાષ્ટ્રપતિ છે?
જ. **સિરીયા**
→ વર્ષ ૨૦૧૪માં એશિયા વિકાસ બેંકના સંચાલક મંડળમાં તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે?
જ. **અરૂણ જેટલી**
→ ભારતના ૨૯માં રાજય તેલંગાણા રાજયના પ્રથમ રાજયપાલ પદે કોની વરણી કરવામાં આવી છે?
જ. **ઇ.એસ.એલ. નરસિહમા**